eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 72
Oct. 06, 2006

## એન. એસ. એસ. વિભાગ દ્વારા બાગ–બગીચાઓને નવો ઓપ આપવાની કામગીરી



સુરત મહાનગરપાલિકા તેમજ સ્થાનિક વીર નર્મદ દ. ગુ. યુનિ., સુરતના વિવિધ કોલેજોના એન. એસ. એસ. વિભાગના સંયુકત ઉપક્રમે સુરતના વિવિધ બગીચાઓને ફરી નવો ઓપ આપવાનું ભગીરથ કાર્ય સુરત શહેરની કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તા.૦૩–૧૦–૨૦૦૬નાં રોજથી કરવામાં આવી રહી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ગાંધી જન્મ જયંતિ પ્રસંગે સ. વ. પટેલ મ્યુઝિયમમાં પ્રદર્શન



મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે તા. ૦૨–૧૦–૨૦૦૬નાં રોજ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે ગાંધીજીના જીવન ઝરમર પર આધારિત પ્રદર્શનનું ઉદઘાટન કરવામાં આવેલ. પ્રદર્શનમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયરશ્રી ડો.સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. કમિશનરશ્રી પંકજ જોષી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ અસ્મિતાબેન શીરોયા, સદસ્યશ્રીઓ તેમજ જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલયના બાળકો ઉદઘાટન પ્રસંગે ઉપસિથત રહયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## રંગોળી સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા દિપાવલી પર્વ નિમિત્તે તા.૧૫–૧૦–૨૦૦૬ના રોજ કાર્ડ મેકીંગ સ્પર્ધા તથા તા.૧૬–૧૦–૨૦૦૬નાં રોજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદમાં રહેતા આઠ વર્ષ કે તેથી વધુ વયના બાળકો તથા વ્યકિતઓ ભાગ લઈ શકશે. ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ નિયત અરજી ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવવાના રહેશે. અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા.૧૧–૧૦–૨૦૦૬ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## એન. એસ. એસ. વિભાગ ધ્વારા બાગ–બગીચાઓને નવો ઓપ આપવાની કામગીરી

સુરત મહાનગરપાલિકા તેમજ સ્થાનિક વીર નર્મદ દ. ગુ. યુનિ., સુરતના વિવિધ કોલેજોના એન. એસ. એસ. વિભાગના સંયુકત ઉપક્રમે સુરતના વિવિધ બગીચાઓને ફરી નવો ઓપ આપવાનું ભગીરથ કાર્ય સુરત શહેરની કોલેજના વિદ્યાર્થીઓ ધ્વારા તા.૦૩–૧૦–૨૦૦૬નાં રોજથી કરવામાં આવી રહી છે.



જે. બી. ધારુકાવાળા આર્ટસ કોલેજ અને જે. ડી. ધાબાણી કોર્મસ કોલેજના ૧૬૫ વિદ્યાર્થીઓએ 'કવી શ્રી જયન્ત પાઠક ઉદ્યાન'' (કડીવાલા સ્કુલ સેન્ટર પોઈન્ટ) ખાતે કામગીરી કરી હતી. કમિશનરશ્રી પંકજ જોષીએ મુલાકાત લઈ કામગીરી નિહાળી વિદ્યાર્થીઓ સાથે એન. એસ. એસ.ની પ્રવૃત્તિઓ બાબત ચર્ચા કરી કામગીરી બિરદાવી માર્ગદર્શન આપ્યુ હતું. સુરત શહેરના નાગરીકોની લોકભાગીદારી અને ખેલદીલીને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે સુરત શહેરમાં જયાં જયાં લોક ભાગીદારીથી કામ થયા છે એ વિસ્તાર ઝડપથી બેઠો થયો છે. બહેનોએ ખુબ જ ઉત્સાહથી કામગીરી કરી હતી. વીર નર્મદ દ. ગુ. યુનિ.,ના ઉપકુલપતિ શ્રી જયેશભાઈ દેશકરે મુલાકાત લઈ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહીત કર્યા હતા. આ પ્રસંગે આસી. કમિશનરશ્રી સી. વાય. ભટ્ટ,યુ. સી. ડી. ના ચીફ પ્રોજેકટ ઓફિસર શ્રી નરેશભાઈ વ્યાસ ગાર્ડન સુપ્રિ. ડો. એસ. જે ગૌતમના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવેલ. ઉપરોકત કાર્યક્રમમાં વીર નર્મદ દ. ગુ. યુનિ. ના ઉપકુલપતિ શ્રી જયેશભાઈ દેસકરે મુલાકાત લઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. વધુમાં એમણે સ્વચ્છ સુરત, સ્વસ્થ સુરત, સુંદર સુરતના વિકાસના સદાયે સહભાગી થવા ઉત્સુકતા દર્શાવી હતી.

TOP

# ગાંધી જન્મ જયંતિ પ્રસંગે સ. વ. પટેલ મ્યુઝિયમમાં પ્રદર્શન

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે તા.૦૨–૧૦–૨૦૦૬નાં રોજ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે ગાંધીજીના જીવન ઝરમર પર આધારિત પ્રદર્શનનું ઉદઘાટન કરવામાં આવેલ.



પ્રદર્શનમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયરશ્રી ડો.સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. કમિશનરશ્રી પંકજ જોષી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ અસ્મિતાબેન શીરોયા, સદસ્યશ્રીઓ તેમજ જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલયના બાળકો ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહયા હતા. આ પ્રદર્શનમાં પૂ. બાપુની ટિકિટો (પોસ્ટલ સ્ટેમ્પ) દુનિયાના ૫૧ દેશોએ બહાર પાડેલ જે ટિકિટો, પ્રથમ દિવસ આવરણ (ફ્રન્ટ ડે કવર) વિગેરે પ્રદર્શિત કરવામાં આવેલ. આ પ્રદર્શન તા.૦૩–૧૦–૨૦૦૬ થી તા.૨૦–૧૦–૨૦૦૬ સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે અને સોમવાર તેમજ જાહેર તહેવારના દિવસે બંધ રહેશે.

TOP

## રંગોળી સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા દિપાવલી પર્વ નિમિત્તે તા.૧૫–૧૦–૨૦૦૬ના રોજ કાર્ડ મેકીંગ સ્પર્ધા તથા તા.૧૬–૧૦–૨૦૦૬નાં રોજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદમાં રહેતા આઠ વર્ષ કે તેથી વધુ વયના બાળકો તથા વ્યકિતઓ ભાગ લઈ શકશે. ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ નિયત અરજી ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવવાના રહેશે. અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા.૧૧–૧૦–૨૦૦૬ છે.

TOP